# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ.૦૧ તા.૧૨.૦૧.૨૦૧૮

-------------------

**"સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ" નિમિત્તે ગુજરાતભરમાં ૫૮૬ સ્થાન પર સ્વામી વિવેકાનંદ પૂજન કાર્યક્રમો યોજાયા**

-------------------

**તમામ યુવાનો સ્વામી વિવેકાનંદજીના આદર્શોને અનુસરે અને તેમના સ્વપ્નનું ભારત બનાવે તેવું યુવાનોને આહવાન – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------------

**સ્વામીજીના આદર્શને અનુસરીને યુવાનોએ જીવનમાં પ્રેરણા લઇ આજના દિવસે મહાભારતીને પરમવૈભવ સુધી પહોચાડવાનો સંકલ્પ લઈ કામ કરવું જોઈએ – ડૉ. શ્રી ઋત્વિજ પટેલ**

-------------------

પ્રદેશ મીડિયા વિભાગની એક અખબારી યાદીમાં જણાવતા કહ્યું હતું કે, આજરોજ "સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ" નિમિતે યુવા મોરચા દ્વારા ગુજરાતભરમાં ૫૮૬ સ્થાન પર સ્વામી વિવેકાનંદ પૂજન અને વિવિધ સ્થાનો પર પૂજન સાથે શોભાયાત્રાનું આયોજન કરી સ્વામી વિવેકાનંદજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી મહેસાણા વિજાપુર ખાતેના કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહી સ્વામી વિવેકાનંદ પૂજન કરી યુવા મોરચાના કાર્યક્તાઓને સંબોધ્યા હતા. ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો ઋત્વિજ પટેલે ઈડર અને વિજાપુર ખાતેના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ વિજાપુર ખાતે યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી એ ફક્ત રાજનીતિ નથી કરતી. લોકોના દિલ દિમાગમાં દેશના મહાપુરુષો જીવતા રહે તે માટેના સતત પ્રયત્નો સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરતી હોય છે. બધા યુવાનો સ્વામીજીના આદર્શોને અનુસરે અને સ્વામી વિવેકાનંદજીના સ્વપ્નનું ભારત બનાવીએ તેવું યુવાનોને આહવાન કર્યું હતું.

યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો. ઋત્વિજ પટેલે વિજાપુર યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું કે, સ્વામીજીના આદર્શને અનુસરીને યુવાનોએ જીવનમાં પ્રેરણા લેવી જોઈએ. યુવાનોએ આજના દિવસે મહાભારતીને પરમવૈભવ સુધી પહોચાડવાનો સંકલ્પ લઈ કામ કરવું જોઈએ. વિવિધ જીલ્લાઓમાં યોજાયેલા સ્વામી વિવેકાનંદ પુજન કાર્યક્રમમાં વિવિધ જીલ્લાના પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને યુવા મોરચાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાઇ સ્વામી વિવેકાનંદજીનું પુજન કર્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા સેલ